# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 25-12-2024** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

---

1. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે સુશાસન દિવસ નિમિત્તે કહ્યું કે, સામાન્ય લોકોને શક્ય તેટલા મદદરૂપ થવું એ જ સુશાસનની સાચી દિશા.
2. મુખ્યમંત્રીએ આજે વર્ચ્યૂઅલ માધ્યમથી ભુજમાં દેશની પ્રથમ અવકાશી વેધશાળાનો પ્રારંભ કરાવ્યો.
3. કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે કહ્યું કે, સરકાર 5 વર્ષના લક્ષ્ય પહેલાં જ દેશમાં 2 લાખ પ્રાથમિક કૃષિધિરાણ મંડળીઓ સ્થાપશે.
4. ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ આગામી 5 વર્ષ જાપાનની કંપનીઓમાં તાલીમ મેળવી ઈન્ટર્નશીપ કરી શકશે.
5. રાજ્યભરમાં આજે નાતાલ પર્વની ઉજવણી થેઈ રહી છે
6. રાજ્યના કેટલાક જિલ્લાઓમાં આવતીકાલે કમોસમી વરસાદની હવામાન વિભાગની આગાહી

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

## CMO OFFICE SUSHASAN DIVAS LOKARPAN

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, "રાજ્યના સામાન્યમાં સામાન્ય વ્યક્તિઓને શક્ય તેટલા વધુને વધુ મદદરૂપ થવું એ જ સુશાસનની સાચી દિશા છે." ગાંધીનગરમાં મુખ્યમંત્રી કાર્યાલય ખાતેથી આજે 11મા સુશાસન દિવસની ઉજવણી નિમિત્તે વિવિધ પહેલોનો પ્રારંભ કરાવતા મુખ્યમંત્રીએ આ મુજબ જણાવ્યું હતું. આ તમામ નવી પહેલો અંગે લોકો તેમના પ્રતિભાવ આપતા રહે તેમ તેમ આ પહેલોને વધુ લોકભોગ્ય બનાવવાનું પણ સતત ચિંતન મંથન થાય તેવો અનુરોધ શ્રી પટેલે કર્યો હતો.

મુખ્યમંત્રીએ ગવર્મેન્ટ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ, સ્કોલરશીપ મોનીટરિંગ સિસ્ટમ, રેવન્યૂ મૉનિટરીંગ સિસ્ટમ, CM ફેલો વેબસાઈટ, સ્વર પ્લેટફોર્મ, ગુજરાત ઇન્ડિયા વેબ પોર્ટલ જેવી પહેલોનો પ્રારંભ કરાવ્યો હતો.

--------------

## CM BHUJ FIRST SPACE OBSERVATORY

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ગાંધીનગરથી વર્ચ્યૂઅલ માધ્યમથી કચ્છના ભુજમાં દેશની પ્રથમ અવકાશી વેધશાળાનો પ્રારંભ કરાવ્યો છે. ભુજના પ્રાદેશિક વિજ્ઞાન કેન્દ્ર ખાતે અમેરિકાની કંપની 'પ્લેન વેવ ઇન્સ્ટ્રુમેન્ટ્સ' દ્વારા તૈયાર કરાયેલી આ અવકાશી વેધશાળામાં નાગરિકો અને વિદ્યાર્થીઓ માટે સુલભ સૌથી મોટું CDK-24 ટેલિસ્કોપ શરૂ કરાયું છે.

(બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

ગાંધીનગરમાં સુશાસન દિવસ નિમિત્તે યોજાયેલા કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ મારી યોજના, સ્વાગતના બીજા તબક્કા ઑટો એસ્કેલેશન મેટ્રિક્સ, સ્વાગત મૉબાઈલ એપ્લિકેશન, ભારત નેટના બીજા તબક્કા, આઈ-ગૉટ પૉર્ટલમાં સ્ટેટ પેજ, જનસેવા કેન્દ્ર, ડ્રોન પાઈલૉટ ટ્રેનિંગ, કનેક્ટ ગુજરાત જેવી પહેલોનો પ્રારંભ કરાવ્યો છે. દરમિયાન રાજ્યની વિવિધ સંસ્થાઓ વચ્ચે સમજૂતી કરાર પણ કરાયા હતા. જ્યારે “સ્વચ્છ ભારત અભિયાન” અંતર્ગત શ્રેષ્ઠ કામગીરી કરનારા વિભાગો અને વડી કચેરીઓનું પણ મુખ્યમંત્રીએ સન્માન કર્યું હતું.

ઉપરાંત ગાંધીનગરમાં પંડિત દિનદયાળ ઊર્જા વિશ્વવિદ્યાલય ખાતે શરૂ કરાયેલા સેમિ-કન્ડક્ટર તાલીમ કેન્દ્રમાં આગામી પાંચ વર્ષમાં એક હજાર યુવાનોને સેમિ-કન્ડક્ટર ક્ષેત્રની તાલીમ અપાશે.

--------------

## SUSHASAN DIVAS UJAVANI - DISTRICT

રાજ્યભરમાં આજે સુશાસન દિવસની ઉજવણી કરવામાં આવી.

સુરેન્દ્રનગર કલેક્ટર કચેરી ખાતેથી જિલ્લા કલેક્ટર રાજેશ તન્ના સહિતના અધિકારીઓ રાજ્યકક્ષાની ઉજવણીમાં વર્ચ્યુઅલી જોડાયા હતા.

કચ્છના ભુજમાં આ પ્રસંગે જી. કે. જનરલ હૉસ્પિટલ ખાતે વિવિધ યોજનાઓના લાભાર્થીઓને ચેકનું વિતરણ કરાયું. ઉપરાંત લખપત તાલુકાના મોટી છેર ગામમાં સાંસદ વિનોદ ચાવડાએ વિવિધ લાભાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કર્યા હતા.

જ્યારે દાહોદ સેવા સદન ખાતે નિવાસી અધિક કલેકટર જે. એમ. રાવલે સુશાસનની પરિભાષાને સાચા અર્થમાં સાર્થક કરવાની જવાબદારી કર્મયોગીએ ઉઠાવવા જણાવ્યું હતું.

મહીસાગરની લુણાવાડા નગરપાલિકાના ખાતે જિલ્લા કલેકટર નેહા કુમારીએ સિટી સિવિક સેન્ટરનું નિરીક્ષણ કરી લાભાર્થીઓને દાખલા અને પ્રમાણપત્રનું વિતરણ કર્યું હતું.

પાટણ જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર અરવિંદ વિજયનની અધ્યક્ષતામાં સુશાસન દિવસ ઉજવાયો.

બનાસકાંઠાના ઈન્ચાર્જ જિલ્લા વિકાસ અધિકારી સી. પી. પટેલની અધ્યક્ષતામાં કલેક્ટર કચેરી પાલનપુર ખાતે સંકલનના તમામ અધિકારીઓ સાથે સુશાસન દિવસની ઉજવણી કરાઈ હતી.

--------------

## FOREST EMPLOYEE LETTER CM

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના વનવિભાગ દળમાં જોડાઈ રહેલા નવા ઉમેદવારોને પર્યાવરણ રક્ષા અને વનોના જતન સંવર્ધન સાથે રાજ્યની વિકાસયાત્રામાં સહભાગી થવા આહ્વાન કર્યું છે. ગાંધીનગરમાં શ્રી પટેલે આજે સુશાસન દિવસ નિમિત્તે વનવિભાગમાં નિમણૂક પામેલા 810 વનરક્ષક અને 40 જેટલા મદદનીશ વનસંરક્ષકને નિયુક્તિપત્ર એનાયત કર્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી સહિત મહાનુભાવોના હસ્તે “સેવા, સંકલ્પ અને સુશાસનના બે વર્ષ”, “બેસ્ટ પ્રેક્ટિસીઝ ઑફ ફૉરેસ્ટ” અને ભારતીય વરુની

રાજ્યમાં હાજરી અંગે 'એટલાસ ઑફ ઇન્ડિયન વૉલ્ફ હેબિટાટ્સ ઇન ગુજરાત" એમ ત્રણ પુસ્તકોનું વિમોચન કરાયું હતું.

--------------

## SHAH - AGRICULTURE COOPERATIVE

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે જણાવ્યું કે, સરકાર પાંચ વર્ષના લક્ષ્ય પહેલાં જ દેશમાં બે લાખ પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓ સ્થાપશે. આ પહેલ દ્વારા ખેડૂતોની ઉપજ સરળતાથી વૈશ્વિક બજાર સુધી પહોંચી શકશે. નવી દિલ્હીમાં યોજાયેલા કાર્યક્રમમાં આજે 10 હજારથી વધુ નવી સ્થપાયેલી બહુહેતુક પ્રાથમિક કૃષિ સહકારી મંડળીઓ, ડેરી અને મત્સ્યોધ્યોગ સહકારી એકમો રાષ્ટ્રને સમર્પિત કરતા શ્રી શાહે આ મુજબ જણાવ્યું હતું.

ગાંધીનગરમાં 'પ્રત્યેક પંચાયતમાં વિવિધ કાર્યકારી સહકારી મંડળીઓ' શીર્ષક હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યકક્ષાના મંત્રી જગદીશ વિશ્વકર્માએ સહકાર વિભાગના અધિકારીઓને સ્વચ્છ અને સ્વસ્થ વિભાગનો પુરસ્કાર જીતવા માટે નિર્ધાર કરવા જણાવ્યું હતું.

**(બાઈટઃ જગદીશ વિશ્વકર્મા, રાજ્યકક્ષાના મંત્રી)**

--------------

## MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

## GUJARAT UNIVERSITY SHIZUOKA MOU

અમદાવાદમાં આવેલી ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ જાપાનની કંપનીઓમાં તાલીમ મેળવી ઈન્ટર્નશીપ કરી શકશે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે, જાપાનની શિઝૂઓકા પ્રિફેકચરના પ્રતિનિધિ મંડળે ગુજરાત યુનિવર્સિટીની મુલાકાત દરમિયાન સમજૂતી કરાર કર્યા હતા. શિઝૂઓકાની અર્થવ્યવસ્થા અને ઔદ્યોગિક ક્ષેત્રમાં કરાયેલા આ કરાર થકી આગામી પાંચ વર્ષ સુધી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ જાપાનની કંપનીઓમાં તાલીમ મેળવી શકશે. તેમજ વિદ્યાર્થીઓ અભ્યાસ દરમિયાન ઈન્ટર્નશીપ પણ કરી શકશે.

જ્યારે શિઝૂઓકાના પ્રિફેક્ચરના વિદ્યાર્થીઓ પણ ગુજરાત યુનિવર્સિટીમાં અભ્યાસ કરી શકશે. વિદ્યાર્થીઓ કૃત્રિમ બુદ્ધિમત્તા- AI, હેરિટૅજ મેનેજમેન્ટ, ફિનટેક સહિતના અભ્યાસક્રમોની પણ તાલીમ લેશે.

--------------

## NATAL UJAVANI

રાજ્ય સહિત દેશભરમાં આજે ખ્રિસ્તી સમુદાય નાતાલ પર્વની ઉજવણી થઇ રહી છે. ત્યારે કચ્છના સફેદ રણમાં નાતાલની રજા માણવા પ્રવાસીઓની ભીડ ઉમટી છે.

વલસાડ જિલ્લામાં આવેલા વાઈટ ચર્ચ ખાતે ગઈકાલે રાત્રે 12 વાગ્યે ભગવાન ઈસુના જન્મદિવસની ઉજવણી નિમિત્તે પ્રાર્થના સભા યોજાઈ હતી. તો કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં ચર્ચને રોશનીનો વિશેષ શણગાર કરાયો છે.

ડાંગ જિલ્લાના ગામડાઓમાં નાના-મોટા ચર્ચમાં આજે પ્રાર્થના સભાઓ યોજાઈ રહી છે.

આ તરફ કેન્દ્રશાસિત પ્રદેશ દીવ ખાતે પણ નાતાલની વિશેષ ઉજવણી અંગે દીવનાં અમારાં પ્રતિનિધિ ભારતી રાવલે વધુ માહિતી આપી હતી.

**(વૉઈસકાસ્ટઃ ભારતી રાવલ, પ્રતિનિધિ, દીવ)**

--------------

## GUJARAT WEATHER

રાજ્યના હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ રાજ્યમાં કમોસમી વરસાદની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગના વૈજ્ઞાનિક રામાશ્રય યાદવે જણાવ્યું કે, 27 ડિસેમ્બરે વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ એટલે કે, પશ્ચિમી વિક્ષેપ ઉત્તર

ભારતના ભાગોમાં પહોંચશે, જેના કારણે રાજ્યમાં ગાજવીજ સાથે વરસાદની સંભાવના છે.

તેમણે કહ્યું, આગામી 24 કલાક દરમિયાન એટલે કે, આવતીકાલે સૌરાષ્ટ્ર-કચ્છ અને રાજ્યના વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદન આગાહી છે. તેમજ આગામી ત્રણ દિવસ 30થી 40 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાશે.

**(બાઈટઃ રામાશ્રય યાદવ, વૈજ્ઞાનિક, હવામાન વિભાગ)**

--------------

## RAJASTHAN ACCIDENT

રાજસ્થાનના કરૌલીમાં બસ અને કાર વચ્ચે અકસ્માત સર્જાતા પાંચ લોકોના મોત અને 15 લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. મળતી માહિતી મુજબ, ગઈકાલે મોડી રાત્રે સલેમપુર ગામ પાસે ગંગાપુરથી કરૌલી તરફ આવતી કાર બસ સાથે અથડાતા આ અકસ્માત સર્જાયો હતો. ઘટનામાં મૃત્યુ પામેલા તમામ લોકો મૂળ મધ્યપ્રદેશના ઈન્દોરના રહેવાસી હતા અને હાલમાં વડોદરામાં રહેતા હતા.

પોલીસે બસચાલક સામે કેસ નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

--------------

## DWARKA ACCIDENT

દેવભૂમિદ્વારકામાં ઓખા જેટી પર ક્રેઈન તૂટી પડતા ત્રણ શ્રમિકના મોત નીપજ્યા છે. દેવભૂમિદ્વારકા જિલ્લાના અમારા પ્રતિનિધિ કરણ જોષી જણાવે છે કે, ઓખા પાસે દરિયાઈ વિભાગ દ્વારા બનાવવામાં આવતી નવી જેટીના કામ દરમિયાન ક્રેઈન તૂટી પડતા 2 શ્રમિક કાટમાળમાં દટાઈ ગયા હતા. જ્યારે એક શ્રમિક દરિયામાં પડી ગયા હતા. સ્થાનિક માછીમારોએ બચાવ કામગીરી કરી, પરંતુ આ દુર્ઘટનામાં ત્રણેય શ્રમિકના મોત નીપજ્યા છે.

--------------

## AHD KANKARIYA KARNIVAL

અમદાવાદના કાંકરિયા તળાવ ખાતે આજથી કાંકરિયા કાર્નિવલનો પ્રારંભ થશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે વિધિવત્ રીતે આ કાર્નિવલનું ઉદ્ઘાટન કરશે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે કે કાર્નિવલને જોવા મોટી સંખ્યામાં લોકો કાંકરિયા પહોંચ્યા છે. મેટલ ડિટેક્ટરથી લોકોને તપાસીને પ્રવેશ આપવામાં આવે છે. તેમજ કાર્નિવલમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવવામાં આવ્યો છે.

-------------